જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૧૧/૨૦૨૦ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૨૦૦૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૯ | ૦ | ૧૦૬૯૯ | ૧૬૮૩૩ | ૦ | ૧૬૮૩૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૨૬ | ૮ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૯ | ૧ | ૧૫૩૬૦ | ૧૬૨૧૦ | ૧ | ૧૬૨૧૧ |
| | કુલ | ૩૦૪૫૯ | ૧ | ૩૦૪૬૦ | ૩૯૧૩૦ | ૯ | ૩૯૧૩૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૧,૨૪,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧ | ૧,૦૧,૦૦૦/- |

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી.

## “સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ ઔડાના ખુલ્લા મેદાનમાં બે ખાડા માંથી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ-૩૫૮ તથા બીયર ટીન નંગ-૪૪ મળી કિંમત રૂ.૫૬,૮૦૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેર મા પ્રોહી/જુગાર ની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૮.૧૧.૨૦૨૦ ના રોજ સ્ટાફ ના મસઈ જસવંતસિંહ બળદેવસિંહ, અહેકો દીલીપસિંહ પૃથ્વીસિંહ ,અહેકો મનોજ વિઠલભાઇ ,અપોકો પ્રિયવદન જ્યંતીલાલ વિગેરે માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન અહેકો મનોજ વિઠલભાઇ, અપોકો પ્રિયવદન જ્યંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે સરદારનગર મહાજનીયાવાસ નરોડા પાટીયા ઔડાના મકાનોના ખુલ્લા મેદાનમાં બે ખાડામાં સંતાડેલ ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ-૩૫૮ તથા બીયર ના ટીન નંગ-૪૪ મળી કિંમત રૂ.૫૬,૮૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૦૨૦૩૬૮૩/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ), ૧૧૬બી), ૯૮(૨) ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોન્ટેડ આરોપી: (૧) સાવન નાથુભાઇ છારા રહે : મહાજનીયાવાસ નરોડાપાટીયા અમદાવાદ
(૨) નીતીન નાથુભાઇ છારા રહે : મહાજનીયાવાસ નરોડાપાટીયા અમદાવાદ

ગુનાનીજગ્યા : આરોપીના રહેણાંક મકાન આગળ આવેલ ઔડાના ખુલ્લા મેદાનમાં બે ખાડામાંથી

પકડાયેલમુદામાલ : ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ-૩૫૮ તથા બીયરના ટીન નંગ- ૪૪ મળી કિંમત રૂ.૫૬,૮૦૦/-



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૭/૨૦૨૦**

નારોલઃ ઉમંગ અમીતભાઇ સોમાણી (રહે. રાધાકૃષ્ણ સોસાયટી ગોવિંદવાડી ચાર રસ્તાની બાજુમાં ઇસનપુર) એ તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૩/૧૫ વાગે નારોલ ગોકુલેશ પેટ્રોલપંપની બાજુમાં કચરાજી એસ્ટેટમા રાધાકૃષ્ણ વેર-હાઉસ ખાતે પાર્કીગમાં આઇસર ટ્રક નંબર જીજે ૨૭ યુ ૭૩૦૦ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી પંદર મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ઉમંગ સોમાણીએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૮/૨૦૨૦**

**જીઆઇડીસી વટવાઃ** વિરસિંગ કાળુજી ઠાકોર (ઉ.વ.૬૫) (રહે. જયશ્રી સોસાયટી જસોદાનગર) તા.૧૮/૧૧/૨૦૨૦ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા પુનિતનગર ફાટક થી કેડીલાબ્રીજ વચ્ચે રેલવે ટ્રેક ઉપર ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.વિરજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૯/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** નયનાબહેન વા/ઓ સિધ્ધરાજભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે.મહાવીરનગર-૩ ઇંદ્રજીત સોસાયટીની અંદર ઠક્કરનગર) એ ગંભીર બિમારી થવાના ડર થી તા.૧૭/૧૧/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે એસિડ પી લીધુ હતુ તેમજ પોતાની જાતે પોતાના શરીર ઉપર એસીડ છાંટતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ. એન.એસ.સાકરીયા ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટ**ઃ રોહિત સ/ઓ રામચંદ્ર કુશવાહા (ઉ.વ.૨૧) (રહે. બી/૧૫ ભારતનગર સોસાયટી નારોલ જુની કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૦ રાતના ૯/૧૦ વાગ્યા પહેલા અટલ ઘાટ વોક-વે નજીક સાબરમતી નદીના પાણીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિરેન્દ્રસિહ રણજીતસિહ ચલાવે છે.

**ચાંદખેડા**ઃ (૧) નવીનકુમાર વિષ્ણુદેવ પ્રસાદ (ઉ.વ.૪૦) (રહે. તુલસી રેસીડેન્સી માનસરોવર રોડ ચાંદખેડા) એ બિમારીથી કંટાળી તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૯/૫૦ વાગ્યાના સુમારે રહેણાંક સોસાયટીના ડી-બ્લોકના સાતમા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જ્યંતીભાઇ ચલાવે છે.

**ચાંદખેડા**ઃ **(૨)** જગતપુર જય કુબેર કાર એસેસરીઝ નામની દુકાન ખાતે રહેતા સંજયકુમાર સ/ઓ પ્રેમચંદ્ર વર્મા (ઉ.વ.૨૩) (મુળ વતન. ગંધારીયા જીલ્લો બરેરાઈસ વિરપુર યુ.પી.) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતમાં લોખંડની પાઇપ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી લક્ષ્મણભાઈ જીવાજી ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટ**ઃ પ્રકાશભાઇ નવનીતભાઇ મોદી (ઉ.વ.૬૨) (રહે. છીપા પોળ સ્વામિનારાયણ મંદિર રોડ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૦ કલાક ૮/૫૦ વાગ્યા પહેલા માસ્ટર કોલોની પાસે સાબરમતી રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ નજીક નદીના પાણી પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ કાળુભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર**ઃ કૃતિક રાજારામ પરબ (ઉ.વ.૨૦) (રહે. લક્ષ્મીનગર સોસાયટી છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૦ રાતના ૯/૧૫ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ધોતી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી